a PROGRAM **REPORT**
2018

Oasis
Mid-year Retreat:
August 2018

a program undertaken by ***Oasis Movement***

Celebrating *journey of Oasis*

CONTENT **INDEX**

Overview & highlights of Mid-year Retreat 2018	**01**
Pictorial journey through Mid-year Retreat	02
Reflections of the guests	**04**
Feeling expressed in the form of poetry	05
Article written by a guest	**06**
Photo moments of the Retreat	09

Oasis Mid-year Retreat 2018

All

SHARING

LEARNING

SMILING,

TOGETHER

• Overview & highlights of Mid-year Retreat 2018

First Mid-year Retreat of Oasis Movement was organized at Oasis Valleys from 13th to 15th August, 2018. Oasis Movement Core Community members, close friends, well-wishers, Youth & Teenagers - some 70 people attended the retreat.

Sharing

This retreat celebrated Misaal 2018 achievements, introduced a unique Leadership Development Project of Oasis – Misaal Honourship Explorers & their journeys, launched new logo of Oasis Movement, inaugurated the newly constructed amphitheater, Launched 3 new books of Oasis Publications and created an atmosphere of Love, Life & Friendship.

Mid-year Retreat attended by many guests which include R. S. Ninama (Collector, Narmada Dist), Krunal Dhanani (Producer Gujarati hit movie 'Reva'), A.K Singh (Retd. Professor of economics, M.P), Urvish Kothari (Writer, Journalist and Publisher). The main purpose of Mid-year retreat was to take note of the success of the programs conducted by Oasis during the first 6 months of 2018. Mid-year Retreat, was made live by most of the children and young people who shared their touching stories and experiences of being part in the Oasis programs.

Enjoying

Misaal Honourship Explorer Program was the highlight of all. All the guests and community members were amazed by the experiences and experiments shared by all MHEs. The journey of making the new logo of Oasis Movement and its launch by the creator and the designer Jolly Madhra was another highlight of the retreat. The newly made amphitheatre was inaugurated by having dinner with campfire there.

Learning

A very heart warming atmosphere was created at the end when all the guests shared their 3 days' experience of the first Mid-year Retreat.

• Picture gallery of Mid-year Retreat

Beginning with knowing one another

Introduction to Oasis Movement & orientation of Oasis Valleys institute by Pratik Parmar

Sharing about various Oasis activities, achievements & personal growth journeys

Shri R. S. Ninama, collector of dist. Narmada (Gujarat) participated in the Retreat along with his wife and was inspired after witnessing the impact of Oasis programs.

Introducing journey of Misaal Honourship Explorers

MHEs shared their heart-warming experiences

New Logo of Oasis Movement launched by Jolly Madhra (Designer & Artist of OM)

Guests & OMCC members appreciating staff of Oasis Valleys

Inauguration of amphitheater at Oasis Valleys in the Retreat by having the first campfire dinner

• Reflections of guests

"અહીં આવીને નવા મિત્રોને મળ્યા તેમને સાંભળ્યા ત્યારે એક પરિવાર તરીકેનો સુંદર અહેસાસ થયો. ઘણી સ્ટોરીઝ જાણવા મળી કે જેમાંથી કંઈક પ્રેરણા મળે છે. આ અનુભવ મારા માટે ગજબ રહ્યો. આજનાં યુવાનો સાથે ઓએસિસ જે કામ કરી રહ્યું છે તે આવકાર્ય રૂપ છે. ઓએસિસ આ જ રીતે ઘણા બધાં બાળકો અને યુવાનો સુધી પહોંચે તેવી પ્રભુને પ્રાર્થના. 'આકાશને કહી દો કે ઊંચાઈ વધારી દે કે હવે અમે ઉડવાની જીદ પકડી છે' - આ વાત મને ઓએસિસના લોકોને જોઈને યાદ આવે છે."

- કુણાલ ધનાણી, 'રેવા' ફિલ્મ પ્રોડ્યૂસર, વડોદરા

"ઓએસિસ વેલીઝનું બિલ્ડિંગ ઇકો-ફ્રેન્ડ્લી છે અને આટલા simple structureમાં કેટલું મોટું કામ થાય છે તેનો અંદાજો લગાવવો પણ મુશ્કેલ છે. જે સાચું પાયાનું કામ થવું જોઈએ એ અહીંયાં થાય છે. બાળકની અંદર રહેલી જે ક્ષમતા છે તેને બહાર લાવવી એ જ સાચી કેળવણી છે અને એ સાચી કેળવણી ઓએસિસ આપે છે. ઓએસિસને એક શબ્દમાં વર્ણવું ખૂબ જ અઘરું છે, કારણ કે ઓએસિસનું કામ ખૂબ ઊંડું છે અને તે કામ આંતરિક પરિવર્તન લાવી શકે તેવું છે."

- અવની પટેલ, USA

"ઓએસિસનું વાતાવરણ કુદરતી છે. તેમ જ અહીં નાની નાની વસ્તુઓની પણ કાળજી લેવામાં આવે છે. કોઈ પણ ચીજનો બગાડ કરવામાં આવતો નથી. બાળકોને સાંભળ્યા પછી લાગ્યું કે આટલી નાની ઉંમરમાં પણ તેમનામાં કેટલી આંતરિક સમજ છે. જેમાંથી મને પ્રેરણા મળી કે મારે પણ દિલથી જીવવું જોઈએ."

- કેતન કોટેચા, ઇલેક્ટ્રિકલ સુપરવાઈઝર, રાજકોટ

"ઓએસિસ વિશે વધુ ખબર ન હતી પરંતુ પહેલીવાર જ્યારે ઓએસિસમાં આવ્યો ત્યારે ઘણા પ્રશ્નો હતા, જે કોઈને પૂછવા નથી પડ્યા; મને અહીં આવીને જ બધા જવાબ મળી ગયા. ટૂંકમાં કહું તો મને ઓએસિસ સાથે કામ કરવાનું ફાવશે."

- ઉર્વીશ કોઠારી, લેખક, પત્રકાર, પ્રકાશક (સાર્થક પ્રકાશન), અમદાવાદ

• Feelings expressed in the form of poetry

હું'માંથી 'આપણે'નો આયામ,
સૌને આપે પ્રેમનો પયગામ,

દૂર થાય અહીં સૌના ગમ,
સમાનતાનો છે અભિગમ,

બાળકોના હાથમાં છે સંચાલન,
શીખવે સદ્જીવનનું પદચાલન,

શૂન્યથી સર્જનની છે યાત્રા,
આ તો છે માનવતાની જાત્રા,

સો સંકટની છે એક જ બારી,
"ઓએસિસ"ના છે સૌ આભારી!

- જય અંજારિયા, ભુજ

હૉલ ભરેલો ને સ્ટેજ ખાલી,
હૈયું ભરેલું ને દિમાગ ખાલી.
વાત આ જરીએ ના સમજાણી,
ઓએસિસની વાત નિરાળી.
અહીં સૌ શીખે, ના શિખવાડે,
સમજે, ના સમજાવે,
છતાં ના ટક્કર, આ શું ચક્કર?
પાયો છે આ નક્કર;
ઓએસિસની વાત નિરાળી.
ભણતાં ભણતાં સમજ પડે ના,
શું ભણવું, ને શું કામ ગણવું,
દિશા બદલાતી જીવન શિબિરમાં,
સાચું શિક્ષણ થાતું;
ઓએસિસની વાત નિરાળી.

- નરેન્દ્ર ગોર 'સાગર', ભુજ

• Article by one of the guests

- Urvish Kothari
(writer, Journalist and Publisher- sarthak Prakasha)

ક્ષમા સાથે દોસ્તીનો એવો સંબંધ છે કે તે મારી શંકાઓને પણ દોસ્તીના ભાગ તરીકે સ્વીકારી અને પ્રમાણી શકે. સાથોસાથ એવું પણ ઇચ્છે કે હું એકાદ વાર અનુકૂળતાએ ઓએસિસ વૅલીઝ જાઉં અને જાતે જોઉં. આખરે બે-ત્રણ વર્ષ પછી એવો મેળ પડ્યો અને પરમ મિત્ર, સાર્થક પ્રકાશનના સાથીદાર કાર્તિકભાઈ (શાહ) સાથે ઓએસિસ વૅલીઝ જવાનું થયું. ૧૪મી ઓગસ્ટે સવારે પહોંચ્યા અને ૧૫મીએ સવારે નીકળ્યા. આ ચોવીસ કલાકથી થોડા વધુ સમયમાં, ઓએસિસના સ્થાપક અને અત્યારે પણ તેના મુખ્ય ચાલકબળ જેવા સંજીવ શાહની ક્યાંય હાજરી ન હતી. સ્થૂળ રૂપે તો નહીં જ, આખો દિવસ ચાલેલી બેઠકોમાં વારંવાર આવતા અને અહોભાવમંડિત ઉલ્લેખો રૂપે પણ નહીં. સંજોગ એવો થયો કે ક્ષમાથી પણ અવાય એમ ન હતું. એટલે કાર્તિકભાઈ અને હું સાવ અજાણ્યા સિત્તેર-એંસી લોકો વચ્ચે જઈ પહોંચ્યા. તેમાંથી માયાબહેન કે જૉલી જેવાં નામ ક્ષમાને કારણે કાને પડેલાં. એ સિવાયનાં તો નામ પણ પહેલી વાર સાંભળ્યાં.

કાર્યક્રમ ઍન્યુઅલ રીટ્રીટનો હતો એટલે એક રીતે આખા વર્ષની કામગીરીનું સરવૈયું નીકળે. તેમાં કોર ટીમના સભ્યો હોય, બીજા ફૅસિલિટેટર તરીકે ઓળખાતા સ્વયંસેવકો હોય, મોટેરાં માટેની શિબિરોમાં ભાગ લેનારાં લોકો હોય અને વિવિધ કાર્યક્રમો-શિબિરોમાં ભાગ લેનારાં કિશોર-કિશોરીઓ. આ બધામાં સૌથી મોટી અસર શહેરી-ગ્રામ્ય-આદિવાસી એમ ભારે વૈવિધ્ય ધરાવતાં કિશોર-કિશોરીઓની વાતો સાંભળીને થઈ. એ લોકો પોતપોતાની બોલીમાં જે આત્મવિશ્વાસપૂર્વક અને વૈચારિક સ્પષ્ટતાપૂર્વક પોતાની વાત મૂકતાં હતાં, તેમાં પોપટિયું રટણ ન હતું. વચ્ચેના બ્રેકમાં તેમની સાથેની વાતચીતમાં તેમનો આત્મવિશ્વાસ અને કિશોરાવસ્થાએ હોવા જોઈએ એવા ઉત્સાહની સાથે વૈચારિક ઊંડાણનો પાયો રચાવાની પ્રક્રિયાની પણ ઝાંખી મળતી હતી.

ઓએસિસનું કૅમ્પસ ભારે રળિયામણું ને બહુ આયોજનપૂર્વક, કુદરતને વીંખ્યા વિના બનાવેલું છે. પણ તેની વિગતમાં અત્યારે જવું નથી. ઘણા આશ્રમોનાં કૅમ્પસ રળિયામણાં હોય છે. કોઈ પણ સંસ્થાનું અસલી સૌંદર્ય આંતરિક હોઈ શકે અને ચોવીસ કલાકમાં તો એનો કેટલો ખ્યાલ આવે? પણ જે કંઈ જોવા-સાંભળવા મળ્યું તેમાં, ખાસ કરીને કિશોર-કિશોરીઓની વાતમાં રહેલી નૈસર્ગિકતા અને જુસ્સો સ્પર્શી ગયાં. તેના વિવિધ કૅમ્પ (લાઇફ કૅમ્પ, ડ્રીમ ઇન્ડિયા કૅમ્પ, લિવ-લવ-લર્ન કૅમ્પ)માં કેન્દ્રસ્થાને બાળકોને જવાબદારીપૂર્વકની સ્વતંત્રતા આપવાની વાત છે. એટલે તેમને જવાબદારી અને સ્વતંત્રતાના, એમ બંને પ્રકારના અનુભવો આપવામાં આવે છે. આવું જ લિવ-લવ-લર્ન કૅમ્પમાં મોટેરાં સાથે કરવામાં આવે છે. તેમને મનમાં પડેલી અનેક ગાંઠો સાથે કામ પાડવાનું અને બાળકો સાથે કેવી રીતે કામ પાડવું તેનું વ્યવહારિક માર્ગદર્શન આપવામાં આવે છે. ટૂંકમાં, બીજાને જજ કરવાને બદલે કે તેમને સુધારવાનો ઉત્સાહ રાખવાને બદલે, તેમને ખુલ્લાશથી સ્વીકારવાની અને એ રીતે તેમને તેમની સારપોથી રૂબરૂ કરી આપવાની વાત છે. આ બધું સાંભળવામાં બહુ સારું લાગે, પણ એની કોઈ સ્વિચ નથી હોતી કે એક વાર ઓએસિસ સ્વિચ પાડી આપે, એટલે બધું ફુલગુલાબી થઈ જાય. આ રોજેરોજ કરવાની પ્રક્રિયા છે. જેને જાતે આવું ફાવે તે જાતે **(... Continued)**

પણ કરી શકે. પરંતુ ઘણા બધા પાસે એ માટે જરૂરી સમજ કે સમય કે બંને નથી. આ બંને હોય એવા લોકો માટે પણ ક્યારેક પોતાની માપપટ્ટી કે પોતાની પદ્ધતિ સિવાયની પદ્ધતિથી આ કામ કરી જોવાનું આનંદદાયક નીવડી શકે છે. આજકાલ મૂલ્યશિક્ષણ આઉટડેટેડ ગણાય છે અને તેનો બીજો અંતિમ ગુરુકુળ ટાઇપની સંસ્થાઓ છે, જેમાં જૂનું એટલું બધું સારું, એવી જડતા રાખીને જૂનાની હાસ્યાસ્પદ લાગે એવી નકલ કરવામાં આવે છે. ઓએસિસના કાર્યક્રમો વિશે એવી છાપ પડી કે તે જૂના-નવાના ભેદ પાડ્યા વિના, જેમાંથી જે સારું છે તે લેવામાં માને છે. એટલે, તે નવા વિચાર, નવા કાર્યક્રમો અને નવી દિશાઓમાં જવાની મોકળાશ ધરાવે છે એવું પણ લાગ્યું. થોડા વખતથી તે શિક્ષકોને આ પ્રકારની સંવેદનશીલતા તરફ દોરવાના પ્રયાસ કરે છે અને વિદ્યાર્થીઓને પરીક્ષાના તથા પરિણામોના માનસિક તનાવમાંથી દૂર કરવાના યથાશક્તિ પ્રયાસ કરે છે.

ઓએસિસ પાસે જાદુઈ છડી નથી. એવી છડી કોઈની પાસે ન હોય. છેતરાવા માટે તલપાપડ હોય એવા લોકો જ આવી જાદુઈ છડીની અપેક્ષા રાખી શકે. એક દિવસમાં થોડું જોઈસાંભળીઅનુભવીને હું એવું સમજ્યો કે અત્યારના જીવનમાંથી સાવ મૂરઝાઈ ગયેલાં મૂલ્યોને-સંવેદનશીલતાને-ફરજોને અને સરવાળે માનવતાને નવપલ્લવિત કરવાની કોશિશ ઓએસિસના મિત્રો કરે છે. એમ કરવા માટે તેમની પાસે એક સુગ્રથિત માળખું છે, એ કામનો ઠીકઠીક અનુભવ છે --અને તે પોતાના પૂરતો રાખીને તેની રોકડી કરી લેવાને બદલે, તે નવા નવા મિત્રો સાથે તેને વહેંચવા તૈયાર છે. તેમનું કામ એકલદોકલ છોડને નવપલ્લવિત કરવાનું નથી. માનવતાનાં જંગલનાં જંગલ સુકાઈ ગયાં છે. નકરા ગ્રાહકવાદના-ધીક્કારના-ધ્રુવીકરણના માહોલમાં પ્રેમ અને સમાનુભૂતિ જેવી લાગણીઓ ખોવાઈ ગઈ છે. તેને જગાડવાની છે. અને આ કામ ફક્ત તેમનું નથી. સારી જિંદગી અને સારી દુનિયા ઇચ્છનાર સૌનું છે. એ કામ છે કરવા જેવું. તેમની સાથે મળીને ફાવે તો એ રીતે ને કોઈ કારણસર તેમની સાથે ન ફાવે તો જુદા રસ્તે. પોતાનો જ રસ્તો સાચો કે તે જ એકમાત્ર રસ્તો છે એવો ઓએસિસનો દાવો નથી. મૂળ વાત બાળકોના ઘડતરની, તેમને જવાબદારીપૂર્વકની સ્વતંત્રતા આપવાની અને તમામ ઉંમરનાં લોકોમાં મૂલ્યોના પ્રસારની છે. એક દિવસની ટૂંકી મુલાકાતમાં ત્યાં આવેલાં સૌની અને ખાસ કરીને કિશોર-કિશોરીઓની વાત સાંભળીને મને અને કાર્તિકભાઈને એવું લાગ્યું કે ઓએસિસમાં આ કામ ખાસ્સી અસરકારકતાથી થઈ રહ્યું છે.

***

- ઓએસિસના કેન્દ્રમાં સંજીવ શાહનું દર્શન અને માર્ગદર્શન છે. સંજીવ શાહને અગાઉ એકાદ વાર વડોદરામાં મળવાનું થયું હતું. એ પછી મળ્યો નથી. પણ એન્યુઅલ રીટ્રીટમાં સંજીવ શાહ હાજર ન હતા. તેમની ગેરહાજરીનો ભાર પણ ન હતો. બાપજીએ કહ્યું છે કે..., બાપજી માને છે કે.., બાપજી હંમેશાં કહેતા કે...આવી કોઈ બાપજીગીરી સંજીવ શાહના નામે ત્યાં ચાલતી જોવા મળી નહીં. આનંદ થયો.
- સંસ્થાના નિર્ણયોમાં લોકશાહી વિશે એક દિવસની મુલાકાતમાં કહી શકાય નહીં. પણ ત્યાં જે શીખવવામાં આવે છે તેમાં લોકશાહી મુખ્ય છે. ડ્રીમ ઇન્ડિયા કૅમ્પમાં તો બાળકો જ પોતાની સંસદ ચલાવે ને પોતાના કાયદા બનાવે, ચર્ચાઓ કરે અને પોતે કોઈ બાબતે ફૅકલ્ટી સાથે અસંમત હોય તો પોતાની તાર્કિક અસંમતિ પણ તે પકડી રાખે, એવું તેમને શીખવવામાં આવે છે. **(… Continued)**

- ઉપરના વર્ણનમાં કહ્યું તેમ, સંજીવ શાહની તો ઠીક, મિત્ર ક્ષમા કટારિયાની ગેરહાજરી પણ એક દિવસમાં અમને ક્યાંય વરતાઈ નહીં અને એવું ન થયું કે એ હોત તો વધારે સારું થાત.
- ઓએસિસનાં કામ અને ક્ષેત્રો વિસ્તરી રહ્યાં છે, પણ એ દરેકમાં સ્મિત સાથે કામ કરવાનું, બાળકો પર ત્રાસ નહીં ગુજારવાનું, બાળકોને જવાબદારીનું ભાન અને સ્વતંત્રતાનો સ્વાદ કરાવવાનું, મોટેરાંમાં રહેલી સંવેદનાઓને ઢંઢોળવાનું અને સારા નાગરિક બનવાનું કેન્દ્રસ્થાને હોય છે. એ કૉમન મિનિમમ પ્રોગ્રામ હોય એવું લાગે છે.
- એન્યુલ રીટ્રીટમાં જે રીતે સંસ્થામાં રસોઈ કરતાં ને સફાઈ કરતાં બહેનોને આગળ બોલાવીને તેમનું અભિવાદન કરવામાં આવ્યું તે દેખાડાથી નહીં, પણ દિલથી થયેલું લાગતું હતું. બીજાને કૅમ્પમાં જે શીખવવામાં આવે છે તે બાજુનાં ગામડાંમાંથી આવતી આ બહેનોને પણ ભૂતકાળમાં શીખવાયું હતું ને ભવિષ્યમાં પણ શીખવાતું રહેશે એવી આશા રાખી શકાય.
- સંસ્થાની કામગીરી વિસ્તરે છે, પણ અમદાવાદ સહિતનાં બીજાં શહેરો સંસ્થાની મિલકતો ઉભી કરવાનો ખ્યાલ નથી અને એ બહુ ઇચ્છનીય છે. આવાં ઠેકાણે કાર્યક્રમો હોય ત્યારે એટલા દિવસ પૂરતી જગ્યા ભાડેથી લેવામાં આવે છે. હવે તો બે-બે કલાકના કેટલાક કોર્સ પણ ડિઝાઇન કરવામાં આવ્યા છે, જેથી ઓછો સમય મળે કે કોઈ સ્કૂલ ખચકાતી હોય તો તે બે કલાકનો કોર્સ આપીને ચકાસી શકે કે આ લોકો ખરેખર શું કરાવવા માગે છે.
- મિલકતો-સંપત્તિઓ ઓછાં, એમ સમાધાનો કરવાની મજબૂરી ઓછી. એટલે ઓએસિસ વૅલી અને વડોદરા ઑફિસ સિવાય ઓએસિસ બીજે મિલકતો ઊભી ન કરે એ જ શ્રેયસ્કર છે અને હું એવું સમજ્યો કે ઓએસિસના મિત્રો પણ એવું જ વિચારે છે.
- ઓએસિસમાં સ્વામી વિવેકાનંદને અને દેશસેવાને વારેવારે યાદ કરવામાં આવે છે, પણ તે ચાલુ અર્થમાં નહીં. દેશ એટલે દેશના લોકો અને દેશસેવા એટલે દેશના લોકોની સેવા-- એ અર્થમાં. પહેલાં સ્વામી વિવેકાનંદ અને દેશભક્તિની વાતો સાંભળીને જરા શંકા પડે, પણ આ સંદર્ભ જાણ્યા પછી સારું લાગે છે.
- સંસ્થામાં દંભી સાદગી દેખાતી નથી. ભોજન ચટાકેદાર નથી હોતું, તેમ બેસ્વાદ પણ નહીં. અભિગમ આનંદવિરોધી નથી ને જલસા મારવાનો પણ નહીં.
- જે દિશામાં કામગીરી ચાલી રહી છે, તેમાં માર્ગદર્શન, સતત આત્મમંથન અને નાનામોટા દિશાસુધારનો અવકાશ છે જ. તે કેટલી હદે થાય છે, એનો એક દિવસમાં ખ્યાલ ન આવે. પણ બધાની વાતો સાંભળતાં લાગ્યું કે એ પ્રક્રિયા કેવળ ઉપલા સ્તરે નહીં, દરેક સ્તરે થતી હશે. તેમાં મુશ્કેલીઓ પણ આવતી હશે અને ધીમે ધીમે તેના ઉકેલ પણ નીકળતા હશે.

***

• Photo moments of the Retreat

"Expressing feeling for Oasis"

Young MHEs at the service

Hug session during Retreat

Group of Mid-year Retreat

"You can eat & drink together,
talk & laugh together,
but you are ***only real friends,***
when you ***also cry together."***

Oasis Movement

2nd Floor, Shalin Apartment, 52, Haribhakti Colony,
Race Course, Vadodara-390007, Gujarat, India

Teleflex: +91-265-2321728
Email: info@oasismovement.in